ડીસા ખાતે પ્રધાનમંત્રીએ કરેલું પ્રવચન સંસદનું અપમાન છે : વાઘેલા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે મીડીયા તથા પત્રકાર મિત્રો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભાજપની દિલ્હીની સરકાર જાણી જોઈને પ્રજા હેરાન થાય તેવા કૃત્યો કરી રહી છે.

મેં જાહેરમાં વિનંતી કરેલી કે, રજાના ત્રણ દિવસોમાં બેંકો ચાલુ રાખો, તો પ્રજા નવા ખાતા ખોલાવી શકે અને પોતાના નાણાકીય વ્યવહાર સાચવી શકે. જો રજાના ત્રણ દિવસોમાં બેંકો ચાલુ રાખી હોત તો લાખો લોકો નવા ખાતા ખોલાવવા જે લાઈનમાં ઉભા છે, એ આ ત્રણ દિવસમાં પોતાના નવા ખાતા ખોલાવી શકત અને પોતાનો વ્યવહાર સરળ રીતે ચલાવી શકત. પરંતુ સરકારે આ વિનંતી ગ્રાહ્ય નહીં રાખીને સામાન્ય પ્રજાને વધારે મુશ્કેલીમાં મૂકી દીધી. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ પ્રધાનમંત્રી ડીસા પધાર્યા હતાં. તેમના ભાષણોમાં ડેરીના પ્લાન્ટ વિષે, પશુપાલકો વિષે કે દુધ ઉત્પાદક મંડળીઓ માટે અને તેમને નોટબંધીથી પડતી મુશ્કેલી અંગે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો, પરંતુ માત્ર વાહીયાત વાતો જ કરી હતી. ડીસામાં તેમના ભાષણમાં તેમણે જણાવ્યું હતું કે, મને સંસદમાં બોલવા દેતા નથી એટલે જનસભામાં બોલું છું. આવું ગપ્પુ મારી બધા દોષનો ટોપલો અગાઉની સરકારો પર ઢોળી દેવો અને ભાજપ સરકાર પોતે જાણે ચીનની શાહુકાર હોય તેમ પોતાના કાળા કૃત્યો છાવરવા માટે પોતાની જાતને અહો રૂપમ અહો ધ્વનિની જેમ જાહેરાતોનો આશરો લઈ રહી છે, જે તદ્દન ખોટી વાત છે. સસંદ ચલાવવાની જવાબદારી સત્તાધારી પક્ષની હોય છે. પ્રધાનમંત્રી તરીકે તેમણે કરેલું આવું હલકું નિવેદન એ ભારતની સંસદનું અપમાન છે.

ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ભોપાલની અટલ બિહારી વાજપેયી હિંદી વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે તાજેતરમાં બે દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદ 'તેજસ્વી બાળક-તેજસ્વી ભારત' વિષયે યોજાયો હતો.

ટાવર સામે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં પ્લાનીંગ સાથે વિકાસના નતનવા આયામો હાથ ધરાય તેવી સુફિયાણી વાતો અવારનવાર સ્થાનિક નેતાઓના ભાષણનો ભાગ બને છે. વિકાસની હરણફાળ વચ્ચે હરિયાળા વૃક્ષોનુ છેદન પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે રોષનુ કારણ બન્યો છે. જયારે રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભા કરવાની હરકત સામે પણ સેકટરોમાં છાશવારે રહીશો રોષ ઠાલવે છે. રહેણાંક વિસ્તારને અડીને જ તોતિંગ ટાવર ખડકી દેવાતા રહીશોના બાળકો સહીત આમ નાગરિકોમાં તેના રેડીયેશનની આડઅસરનો ભય પ્રવર્તે છે. અગાઉ સે-૨ અને ૫ માં પણ આ પ્રકારે ટાવર બાંધવાના મુદ્દે સ્થાનિક રહીશોમાં ઘોર વિરોધની લાગણી વ્યાપી હતી. આમછતા ક્ષેત્રફળની રીતે મોકળાશ ધરાવતા શહેરમાં યોગ્ય સર્વે અને અભ્યાસ વિના ગમે ત્યાં ટાવર બાંધવાની ગતિવિધિઓ બેરોકટોક શરૂ કરી દેવાતા સ્થાનિક નગરજનોમાં હવે ઉકળાટ ચરમસીમાએ પહોંચ્યો છે. ઘ-૬ કોર્નર પાસે સ્થિત સે-૨૯ ના પ્લોટનં ૩૦૯ થી ૩૧૪ વચ્ચેના પ્લોટમાં ટાવર બનાવાનુ કામ હાલ શરૂ કરી દેવાયુ છે.આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને વાઈફાઈ સીટી બનાવાના આયોજન અન્વયે સે-૨૯ માં ત્વરિત ટાવર બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ ઠેકાણે ચાર ટાવર ઉભા કરવાનુ આયોજન છે. જયારે ટાવર બનાવાની આ હરકત સામે સ્થાનિક રહીશોમાં વિરોધ પ્રવર્તયો છે. આ મામલે માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર આર એ પટેલને પણ સ્થાનિક અગ્રણીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. જયારે સી ટી પી ના જવાબદાર અધિકારી સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે. સ્થાનિક ધારાસભ્ય અશોક પટેલને પણ ટાવરનુ કામ અટકાવી દેવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે.મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ પત્ર લખી જવાબદાર તંત્રને ટાવરનુ કામ અન્ય ઠેકાણે હાથ ધરવા માટે જણાંવ્યુ છે. સ્થળ પર કામ કરતા કંપનીના માણસો અને સ્થાનિક રહીશો વચ્ચે પણ શાબ્દિક ઘર્ષણ થાય છે. જયારે સ્થાનિક રહીશોની રજુઆત સંદર્ભે પોલીસને જાણ કરવાની ધમકી આપવામાં આવે છે. શહેરના સેકટરોના રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભા કરવા માટે સર્વે કે અભ્યાસ વિના જ જગ્યા ફાળવી દેવાની નીતિ સામે સ્થાનિકોમાં રોષ વધતો જાય છે. સે-૨૯ માં આ કાર્યવાહી ત્વરિત અટકાવવામાં નહીં આવે તો ઉગ્ર લડત આપવા સ્થાનિક નાગરિકોએ બાંયો ચઢાવી છે.

વિધાનસભા સંકુલનું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકારી અધ્યક્ષ શંભુજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહેશે. નવીનીકરણમાં ગૃહમાં ઈન્ટીરીયર, ફર્નિચર વર્ક, ફોલ્લ સીલીંગ, ઓડિયો સિસ્ટમ સાથે બદલવામાં આવશે. આ ઉપરાંત અધ્યક્ષશ્રી કાર્યાલય, મુખ્યમંત્રી કાર્યાલય, કેબિનેટ કાર્યાલય, વિપક્ષનો હોલ તેમજ જુદી જુદી સમિતિઓના હોલ તેમજ ઈન્ટીરયર વર્ક અને ફર્નિચરની કામગીરી સંપૂર્ણ ફ્લોરીંગ, નવા બારીબારણા, ફોલ્સ સીલીંગ, એલીવેશનમાં ડ્રાયસ્ટોનક્લેડીંગ, એસેમ્બલી હોલના ભાગ ઉપર ટેરેસમાં જી.આર.સી. ડોમ, જી.આર.સી. ડમી પીલર્સ, એલ.ઈ.ડી. લાઈટ્સ ફ્લોર પાર્કિંગની સુવિધાઓનું આધુનિકરણ કરવામાં આવશે.

માર્ગ-મકાન વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર એક વર્ષ સુધી આ નવીનીકરણની કામગીરી ચાલશે. આ નવીનીકરણને પગલે વિધાનસભાનો હાલનો જે દેખાવ છે તેમાં આમુલ બદલાવ આવશે. આ માટે ખાસ જી.આર.સી.ડોમ અને જી.આર.સી. પિલર્સ ઉભા કરવામાં આવનાર છે.

વિધાનસભાનું હાલનું સંકુલ ૩૦ વર્ષથી પણ વધુ જૂનુ પુરાણુ થયુ હોવાથી તેમાં આધુનિકરણને અગ્રતા આપવામાં આવે તેવી સરકારમાં રજુઆત કરી હતી. ૬ મહિના સુધી જુદા જુદા અભ્યાસોને અંતે નવીનીકરણની કામગીરીને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ટેન્ડર પ્રક્રિયા કરી આ કામગીરી સોંપવામાં આવી છે.

એક વર્ષ સુધી ચાલનાર આ નવીનીકરણની કામગીરી સચિવાલય સંકુલને કોર્પોરેટ લુક આપવાના નિર્ણય પછી લેવામાં આવ્યો છે જે ઉલ્લેખનીય છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિધાનસભાના ભોંયતળિયે વાહન પાર્કિંગની વ્યવસ્થા અદ્યતન બનાવવામાં આવશે. આ ઉપરાંત સ્વર્ણીમ સંકુલથી વિધાનસભા સંકુલ અલગ પડે તે માટે ચાર ખાસ જીઆરસી પિલર ઉભા કરાશે. વિધાનસભા સંકુલની આગળના ભાગમાં નાનો ગાર્ડન પણ ડેવલપ કરવાનુ પણ અલગથી આયોજન કરાશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

જવું છું. સરપંચ ન હોય તો પણ લોકો કહેશે સરપંચને ઘરે જવું છે. લોકો પોતાના નામ બહાદુરસિંહ, હિંમતલાલ, જાલિમસિંહ, સુલતાનસિંહ રાખે તો તો ભઈ સાહિત્યકાર લગાવવામાં વાંધો છું છે. આ લોકો તો પોતાની અસલી જિંદગીમાં નામથી બિલકુલ વિપરિત ગુણ ધરાવતા હોય છે. છતાં બદનામ માણસ પોતાનું નામ યશસ્વી લખે છે. તમે શું કહેશો બોલો ? હું તો ખરેખર સાહિત્યકાર છું તેથી સાહિત્યકાર લખું તેમાં ખોટું શું છે.'

વાત તો સાચી છે. આજ, આમ પણ સ્વયંભૂ થવાનો યુગ છે. જેમ કે સાધુઓ પોતાના નામ આગળ બાપ, દાદા, શ્રીસંત, મહાત્મા, મહાયોગી, લવગુરુ, જગતગુરુ, મહાગુરુ અને ભગવાન લખાવતા હોય તો તમે તમારા નામની આગળ સાહિત્યકાર લખાવો એમાં વાંધો શું હોય. સામાન્ય રીતે એમ કહેવાય છે કે નામમાં શું છે. પણ ખરેખર નામમાં ઘણું બધું છે એવું શું તમને નથી લાગતું ? હાં, વાત તો સાચી છે પહેલા એક કહેવત હતી નાણાં વગરનો નાથીયો નાણેં નાથાલાલ પણ ભાઈ હવે કેશલેસના યુગમાં એ કહેવત પણ ખોટી પડે એમ છે.

વિક્રમી વસુલાત..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વસુલીની સાથે સાથે જે ગલ્લાઓના ભાડાની વસુલાત બાકી છે તેના પર પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે નોટબંધીના અમલ પછી સરકારની સૂચના અંતર્ગત જૂની નોટ્સથી જે વેરા વસુલી અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ તેમાં ૪.૮૦ કરોડ જેટલી વસુલાત થઈ હતી. આ ઉપરાંત સિલીંગનું શસ્ત્ર ઉગામી રૂ. ૩ કરોડ જેટલી વસુલાત મેળવવામાં આવી હતી.

જ્યારે એડવાન્સ ટેક્સ ભરનારને રિબેટ આપવાની નીતિ અંતર્ગત રૂ. ૧૦ કરોડ જેટલી વસુલાત મેળવવામાં આવી હતી. હવે મનપામાં નવી નોટ્સ સાથે વેરા ભરવા માટે લોકો આવી રહ્યા છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૬-૧૭માં મિલ્કતવેરાની વસુલી વિક્રમજનક રહી છે. ૬ વર્ષમાં પહેલીવાર મિલ્કતવેરાની વસુલી તેના લક્ષ્યાંકના ૭૦ ટકાથી ઉપર પહોંચી છે.

ગેંગ ઝબ્બે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારના સમસુલ ઊર્ફે શમશેર ફકીર અને ખેડા મહેમદાવાદ વિસ્તારના હિતેશ મોહન ડાભી મળીને ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ત્રણ મોબાઈલ, એટીએમ કાર્ડ, પાન કાર્ડ, ડેબીટ અને ક્રેડીટ કાર્ડ, ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ મળી આવ્યા હતા. જે ગાડી લઈને તે આવ્યા હતા તે ગાડી પણ જપ્ત કરી લીધી છે. ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ સંભાળીને વધુ એક સાગરીત દિક્ષા યુનિસ મહેતાની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

હેલ્લો ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

જાય છે. ક્યારેક કોઈક ખોટા ટેન્શનમાં જીવ ખોઈ બેસે છે. મેસેજ અવશ્ય ફોરવર્ડ કરાય માત્ર એની થોડી ખરાઈ અથવા તો થોડી રાહ તો જુઓ કે વાતમાં વજૂદ કેટલું છે? અફવાની આગમાં આપણે શું કામ વાયરો નાંખવો? સત્યાનાશ કાઢતા સેન્સલેસ મેસેજ ફોરવર્ડ કરતાં પહલાં વેઈટ એન્ડ વૉચ!!

તલાટી-જૂ. ક્લાર્કની ૩૬૨૯ જગ્યા માટે ૧૪ લાખ ફોર્મ ભરાયા

૧૦ હજાર જેટલી જગ્યાઓ માટે ૨૦ લાખથી વધુ ફોર્મ ભરાયા : ફેબ્રુ-૨૦૧૭માં લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય પંચાયત પસંદગી બોર્ડ દ્વારા લેવાનાર ૩૬૨૯ ક્લાર્ક અને તલાટી કમ મંત્રીની જગ્યા માટે રાજ્યભરમાંથી ૧૪ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ગ્રામસેવક, સેનેટરી ઈન્સ્પેક્ટર અને ફિમેલ હેલ્થવર્કર સહિતની ૧૦ હજારથી વધુની પંચાયત વિભાગની જગ્યાઓ માટે અંદાજીત ૨૦ લાખથી વધારે ફોર્મ ભરાયા હોવાની માહિતી મળી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય પંચાયત પસંદગી બોર્ડ દ્વારા તમામ જિલ્લાઓમાં જિલ્લા પંચાયત હસ્તકની કચેરીમાં તલાટી કમ મંત્રી, જૂ. ક્લાર્ક, ફિમેલ હેલ્થ વર્કર સેનેટરી ઈન્સ્પેક્ટર અને ગ્રામ સેવકની ખાલી જગ્યાઓ ભરવા કુલ ૧૦ હજારથી વધારે જગ્યાઓ માટેની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. ઓનલાઈન ફોર્મ ભરવાની ૭ ડિસેમ્બર છેલ્લી તારીખ હતી.

ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રક્રિયા પુરી થતા રાજ્યભરમાંથી તલાટી કમ મંત્રી અને જૂ. ક્લાર્કની ૩૬૨૯ જગ્યાઓ માટે ૧૪ લાખ જેટલા ફોર્મ ભરાયા છે. જ્યારે અન્ય ત્રણ જગ્યાઓ ફિમેલ હેલ્થ વર્કર, સેનેટરી ઈન્સ્પેક્ટર અને ગ્રામ સેવક મળી ૨૦ લાખથી વધારે યુવા બેરોજગારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. રાજ્યભરમાં પ્રથમવાર આટલા બધા યુવાનોએ ઉમેદવારી નોંધાવી છે. જે ભરતી બોર્ડ માટે એક મોટી ચેલેન્જરૂપ સાબિત થશે. અગાઉ રેવન્યુ તલાટી માટે અંદાજીત ૧૨ લાખ જેટલા યુવાનોએ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી.

મોટા પ્રમાણમાં થનાર તલાટી કમ મંત્રી અને જૂ. ક્લાર્કની લેખિત પરીક્ષા ૧૨ ફેબ્રુ. ૨૦૧૭ અને ૧૮ ફેબ્રુ. ૨૦૧૭ના રોજ તમામ ૩૩ જિલ્લામાં વિવિધ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા યોજાશે.

હાર્દિક પટેલની નીતિશકુમાર સાથે પટણામાં મુલાકાત

આગામી ૨૮મી જાન્યુઆરીએ નીતિશકુમાર સૌરાષ્ટ્રમાં પાટીદારોની સંયુક્ત રેલીને સંબોધશે

બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશકુમાર આગામી ૨૮મી જાન્યુઆરીએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. હાર્દિક પટેલનું આમંત્રણ સ્વિકારી નીતિશકુમાર સૌરાષ્ટ્રમાં પાટીદારોની રેલીને સંબોધન કરશે. અગાઉ પાટીદાર નેતા હાર્દિક પટેલે આજે બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર સાથે પટણામાં વાતચીત કરી હતી. આ ગાળા દરમિયાન બંનેની અનામતના મુદ્દે ચર્ચા થઇ હતી. પટણામાં નિતીશને મળવા માટે હાર્દિક પટેલ પહોંચ્યા હતા. હાર્દિકે નીતિશને ગુજરાતમાં સભા કરવા માટે આમંત્રણ આપ્યું હતું. હાર્દિક પટેલ સતત હાલમાં મોદી વિરોધીઓના સંપર્ક કરી રહ્યા છે. કેજરીવાલ સાથે પણ તેમના સારા સંબંધ છે. હાલમાં મમતા બેનર્જીએ પણ કહ્યું હતું કે, જે રાજ્યમાં લોકો બોલાવશે તે રાજ્યમાં જશે. હાર્દિક પટેલના કહેવાથી ગુજરાત આવવાની તૈયારી પણ દર્શાવી હતી. હાર્દિક પટેલે દિલ્હીમાં કિસાન પંચાયતમાં ભાગ લીધો હતો.

અહીં મોદી સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ખેડૂતોને ગ્રામિણ બેંકોથી લોન મળે છે. સમયની અંદર લોન પરત કરવા માટે ખેડૂત મહેનત કરે છે પરંતુ તેને પાક માટે યોગ્ય નાણા મળી શકતા નથી. આજ કારણથી દેશમાં સૌથી વધારે આત્મહત્યા ખેડૂતો કરે છે. હાર્દિકે વડાપ્રધાન મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ગુજરાતના વિકાસની વાતો ખોટી છે. વડાપ્રધાનને ભાષણ આપવાનું આવડે છે. દેશ ચલાવતા આવતું નથી. ગુજરાત સરકાર પર ત્રણ લાખ કરોડનું દેવું છે. આજે અનેક પ્રકારની અટકળો વચ્ચે હાર્દિક પટેલે નીતિશકુમાર સાથે વાતચીત કરી હતી.